# Important Instructions to participate in Degree Engineering Round-2

**The committee have declared the merit rank for all eligible candidates of GUJCET and JEE with consideration of improvement exam and supplementary exam. Candidates can view their merit ranks by logging in candidate profile or by visiting https://acpc.gujarat.gov.in/merit_list**

**The candidate shall consider important points prior to participate in Round-2**

## Note:

1. All merit candidates will be able to participate in round-2.
2. The candidate needs to provide consent for participating in round-2. The candidate can change the priority of choices, add/remove/alter the choices.
3. Candidate will not be able to withdraw consent after giving consent to participate in Reshuffling Round-2 after last date of choice filling.
4. After the candidate has given his consent to participate in Reshuffling Round-2, no documents of this matter have to be submitted.
5. Candidates are advised to fill only those choices now where the candidate is interested to upgrade with respect to the allotment of first round. If any new seat been allotted among your choices, Seat Confirmed in round 1 will automatically cancelled. If there is no seat allocated to you previously confirmed seat will retain.
6. The fees will be transferred to revised admission if candidate is confirming the admission.
7. **If candidate is been allotted new admission in that case old admission will automatically get cancelled. Also, if candidate is not confirming newly allotted admission, the old admission will not retain in any case.**
8. Candidates are advised to participate in next round but also advised to fill only those choices where they are really interested to transfer.
9. If candidate wants to retain its previously confirmed seat and not interested to shift for any new admission. The candidate shall not take part in reshuffling round 2 or conduct any activities.

# ડિગ્રી એન્જીન્યરીંગ રાઉન્ડ-2માં ભાગ લેવા માટે મહત્વપૂર્ણ સૂચનાઓ

સમિતિએ ઈમ્પ્રૂવ્મેન્ટ પરીક્ષા અને પૂરક પરીક્ષાને ધ્યાનમાં રાખીને **GUJCET** અને **JEE** ના તમામ લાયક ઉમેદવારો માટે મેરિટ રેન્ક જાહેર કર્યા છે. ઉમેદવારો પ્રોફાઇલમાં લોગ ઇન કરીને અથવા https://acpc.gujarat.gov.in/merit_list પરથી તેમના મેરિટ રેન્ક જોઈ શકે છે.

## વિદ્યાર્થીઓએ રાઉન્ડ-2માં ભાગ લેતા પહેલા મહત્વપૂર્ણ મુદ્દાઓ ધ્યાનમાં લેવા જોઈએ

1. મેરીટ રેન્ક ધરાવતા બધા ઉમેદવારો રાઉન્ડ-2 માં ભાગ લઈ શકશે.
2. ઉમેદવારે રાઉન્ડ-2માં ભાગ લેવા માટે સંમતિ આપવાની રહેશે. ત્યારબાદ ઉમેદવાર ચોઈસ ની તમામ પ્રાથમિકતા બદલી શકે છે જેમાં ચોઈસ ઉમેરી શકે/ ડીલીટ કરી શકે/ બદલી શકે છે.
3. ચોઈસ ફીલિંગ ની છેલ્લી તારીખ પછી રિશફલિંગ રાઉન્ડ-2માં ભાગ લેવાની સંમતિ આપ્યા પછી ઉમેદવાર સંમતિ પાછી ખેંચી શકશે નહીં.
4. રિશફલિંગ રાઉન્ડ-2 માં ભાગ લેવા માટે ઉમેદવારે તેમની સંમતિ આપ્યા પછી, આ બાબતના કોઈ દસ્તાવેજો સબમિટ કરવાના નથી.
5. વિદ્યાર્થીઓને રાઉન્ડ-2 માં માત્ર તે જ કોલેજોના અભ્યાસક્રમોની ચોઇસ ભરવાની સલાહ આપવામાં આવે છે જ્યાં વિદ્યાર્થીને પ્રવર્તમાન પ્રવેશને બદલીને નવી ચોઈસ મુજબ પ્રવેશ ટ્રાન્સફર કરવાની તૈયારી હોય. જો તમારી પસંદગીઓમાં નવી સીટ ફાળવવામાં આવશે તો પ્રથમ રાઉન્ડની કન્ફર્મ કરેલી બેઠક આપમેળે રદ થઈ જશે. જો તમને બીજા રાઉન્ડની નવી કોઈ બેઠક ફાળવવામાં આવી ન હોય તો અગાઉ કન્ફર્મ કરેલી બેઠક ચાલુ રહેશે.
6. જો ઉમેદવાર નવું ફાળવાયેલ એડમિશન કન્ફર્મ કરે તો એસીપીસી ખાતેની ભરેલી ટોકન ફી નવા એડમિશનમાં ટ્રાન્સફર કરવામાં આવશે.
7. **જો ઉમેદવારને નવો પ્રવેશ ફાળવવામાં આવે તો તે કિસ્સામાં જૂનો પ્રવેશ આપોઆપ રદ થઈ જશે. ઉપરાંત, જો ઉમેદવાર નવા ફાળવેલ પ્રવેશને કન્ફર્મ ન કરે તો જૂનો પ્રવેશ કોઈ પણ સંજોગોમાં જાળવી શકશે નહીં કે ટ્રાન્સફર કરી શકશે નહીં.**
8. ઉમેદવારને રાઉન્ડ-2 માં ભાગ લેવાની સલાહ આપવામાં આવે છે સાથે સાથે ફક્ત એવી ચોઈસ ભરવાની સલાહ આપવામાં આવે છે કે વર્તમાન પ્રવેશ ને છોડીને નવી ભરેલી ચોઇસમાં ટ્રાન્સફર કરવામાં રસ ધરાવતા હોય.
9. જો ઉમેદવાર તેની અગાઉ કન્ફર્મ કરેલ પ્રવેશ પર જ અભ્યાસ કરવા માંગે છે અને અન્ય કોઈ પસંદગી ધરાવતા નથી, તો વિદ્યાર્થીએ રાઉન્ડ-2માં ભાગ લેવાની અથવા કોઈપણ પ્રકારની પ્રક્રિયા કરવાની જરૂર નથી.